# સૈફ અલી ખાન

## ઓડીયન્સ તમને પસંદ કરે તો જ તમે ટકી શકો



**30** વર્ષથી વધુ સમયની બોલિવૂડ કારકિર્દી ધરાવતા સૈફ અલી ખાને અત્યાર સુધી વિવિધ પ્રકારના રોલ કર્યા છે. આ એક્ટરએ લગભગ દરેક પ્રકારનાં કેરેક્ટરોને જીવંત કર્યા છે. પછી તે ‘હમ તુમ’નો પ્લેબોય યુવક હોય, ‘તાનાજી: ધ અનસંગ વોરિયર’નો ઉદ્ધત અને હિંસક રાજપૂત યોદ્ધા હોય, ‘દિલ ચાહતા હૈ’નો મૂંઝાયેલો કોલેજ બોય હોય કે પછી ‘ઓમકારા’નો દેહાતી અને ઈર્ષાળુ મિત્ર હોય. 11 સપ્ટેમ્બરે તેની ફિલ્મ ‘હૈવાન’ રિલીઝ થવાની છે. આ પ્રસંગે સૈફે એક એક્ટર તરીકે સફળ થવા માટે તે કઈ ફિલોસોફી અનુસરે છે, તેની કેટલીક એવી સફળ ફિલ્મો વિશે કે જેણે તેની કારકિર્દીમાં આમૂલ પરિવર્તન લાવ્યું. આ વર્ષે હિન્દી ફિલ્મ ઇન્ડસ્ટ્રીની આઇકોનિક ફિલ્મ વિશે પોતાના વિચારો વ્યક્ત કર્યા.

**‘દિલ ચાહતા હૈ’ તારા માટે લાઇફ-ચેન્જિંગ કેવી રીતે રહી?**

તે એક નવા કોન્સેપ્ટ સાથે બનેલી ફિલ્મ હતી, જેમાં વોઇસ એક્ટિંગનો પણ સમાવેશ થતો હતો. તેનો અનુભવ મેં પહેલી વાર કર્યો હતો અને તે ખરેખર લાઇફ-ચેન્જિંગ અનુભવ હતો. અમે સામાન્ય રીતે ડબિંગ કરવા ટેવાયેલા હતા. ડિરેક્ટર ફરહાન અખ્તરે અમને સમજાવ્યું કે સાઉન્ડ ડિઝાઇનર નકુલ કામતે સાઉન્ડ સાથે કેવી રીતે કામ કરે છે અને તે હેડફોન્સ સુધી કેવી રીતે પહોંચે છે. તે એક અદ્ભુત અનુભવ હતો. આ ઉપરાંત, પહેલાં અમારા ફિલ્મના સેટ પર સતત ઘોંઘાટ રહેતો હતો, પરંતુ ‘દિલ ચાહતા હૈ’ના સેટ પર વોઇસ એક્ટિંગને કારણે પિન-ડ્રોપ સાઇલન્સ રહેતું હતું. આ ફિલ્મ જીવન પ્રત્યેના દૃષ્ટિકોણ અને ફિલ્મમેકિંગ - બંને બાબતોમાં નવીનતાથી ભરપૂર હતી.

શો-શા

**ફિલ્મ ‘ઓમકારા’ કરવાનો અનુભવ કેવો રહ્યો?**

‘ઓમકારા’ના સેટ પર ખૂબ જ ક્રિએટિવ વાતાવરણ હતું. વિશાલ ભારદ્વાજ અદ્ભુત ડિરેક્ટર છે અને મને તેમાં એક નવી ભાષા, નવા અંદાજમાં બોલવાનો મોકો મળ્યો હતો. શેક્સપિયરના નાટક ‘ઓથેલો’ પરથી પ્રેરિત આ ફિલ્મમાં મારું ઈશ્વર ‘લંગડા’ ત્યાગીનું નેગેટિવ કેરેક્ટર હતું. તેનો દેખાવ પણ સંપૂર્ણપણે અલગ હતો, એટલે તે કેરેક્ટર ભજવવાનો મને ખૂબ ઉત્સાહ હતો. જો આ કોઈ સામાન્ય એન્ટરટેઇનમેન્ટ ફિલ્મ હોત, તો અમે સેટ પર આવું વાતાવરણ સર્જી શક્યા ન હોત. વળી, ફિલ્મમાં મારો અરીસા સામેનો એક મોનોલોગ છે. તે વખતે વિશાલ ભારદ્વાજે મને પૂછ્યું હતું કે શું હું તે દૃશ્ય કપડાં વગર

**આ પ્રસંગે સૈફે એક એક્ટર તરીકે સફળ થવા માટે તે કઈ ફિલોસોફી અનુસરે છે, તેની કેટલીક એવી સફળ ફિલ્મો વિશે કે જેણે તેની કારકિર્દીમાં આમૂલ પરિવર્તન લાવ્યું**

શૂટ કરી શકીશ? મેં તેમને કહ્યું હતું કે, ‘જો ડિરેક્ટર તરીકે તમારી એવી ઇચ્છા હોય, તો હું તે કરવા તૈયાર છું.’

**તને શું લાગે છે કે કોઈ એક્ટર બોલિવૂડમાં કયા કારણસર ટકી શકે?**

જો ઓડિયન્સ તમને પસંદ કરે તો જ તમે ટકી શકો. બસ, એ જ સૌથી મોટું કારણ છે. સારા અભિનય જેવી વાતો વિશે હું બહુ નથી જાણતો, પરંતુ એટલું જરૂર જાણું છું કે જો તમે ઓડિયન્સને સારી વાઇબ આપો અને એક ખરાબ ફિલ્મ પછી પણ લોકો તમને જોવાનું પસંદ કરે, તો તમે ચોક્કસ ટકી શકો. લોકોને નવીનતા ગમે છે. જે ફિલ્મ પાછળ ઘણી મહેનત કરવામાં આવી હોય અને જે દિલથી બનાવવામાં આવી હોય, એવી અલગ પ્રકારની ફિલ્મ લોકોમાં ઉત્સાહ જગાવે છે.

**ફિલ્મ ‘ધુરંધર’ની સફળતા વિશે તારું શું કહેવું છે?**

‘ધુરંધર’ ફિલ્મે એટલું ઊંચું ધોરણ સ્થાપિત કર્યું છે કે હવે દરેકે વિચારવું પડશે કે તેઓ કયા સ્તરની ફિલ્મ બનાવવા માગે છે. જો આપણે હવે નહીં જાગીએ તો ક્યારે જાગીશું? ફિલ્મના સંગીતમાં પણ નવીનતા છે. દરેક ફિલ્મ માટે માત્ર નવું આલ્બમ બનાવવાને બદલે અદ્ભુત સંગીત બનાવવા પર ધ્યાન આપવું જોઈએ.

**ભવિષ્યમાં તને કેવી ફિલ્મો કરવાનું ગમશે?**

મને લાગે છે કે ‘ઓમકારા’ અને ‘કર્તવ્ય’ જેવી ફિલ્મો મને કરવા મળી, એ મારું સદનસીબ છે. આ ફિલ્મોએ મને અને દર્શકોને એ સમજાવ્યું કે મારામાં હજુ ઘણું કરવાની ક્ષમતા છે અને ઘણું કરવાનું બાકી છે. મારી કારકિર્દીના આ તબક્કે હું એવી ફિલ્મો વધુ કરવા માગું છું, જેમાં મને મારી મર્યાદાઓથી આગળ વધવાનો પડકાર મળે. હું સતત પોતાને એક જ પ્રશ્ન પૂછતો રહું છું કે, ‘હું આ ફિલ્મ શા માટે કરી રહ્યો છું?’ કારણ કે આજે મારી કારકિર્દીના એવા તબક્કે છું, જ્યાં દરેક ફિલ્મ મારા માટે ખૂબ જ મહત્વની છે. ●




# Radhika Madan

## ‘ઈશાની’ કે ‘તરૂણી’ - દિલની વધુ નજીક કોણ?

» **ટીવી કે બોલિવૂડ - વધારે મહેનત ક્યાં છે?**
ટીવીમાં!

» **‘ઈશાની’ કે ‘તરૂણી’ - દિલની વધુ નજીક કોણ?**
‘તરૂણી’, બોલિવૂડમાં ઓળખ આપી.

» **ઈરફાન ખાન સાથે કામ કરવાનો અનુભવ?**
મેજીકલ.

» **તને ગ્લેમરસ રોલ કે ડી-ગ્લેમ રોલ?**
ડી-ગ્લેમ.

» **OTT કે થિયેટર રિલીઝ માટે તારી પહેલી પસંદ?**
પોપકોર્નની સુગંધ અને બિગ સ્ક્રીન.

» **ક્યારેય વધુ રિટેક લેવા પડ્યા હતા?**
ગામઠી ગાળો બોલવામાં!

» **વધુ સરળ શું રોમેન્ટિક સીન કે ઈમોશનલ સીન?**
સીન.

» **એક્ટિંગ શું છે પેશન કે નોકરી?**
શ્વાસ.

» **ફિલ્મ સાઈન કરતા પહેલા ઇમ્પોર્ટેન્ટ શું, સ્ક્રિપ્ટ કે ડિરેક્ટર?**
પહેલા સ્ક્રિપ્ટ!

» **કઈ એવી વસ્તુ જેના વગર ઘરની બહાર ન જાય?**
પરફ્યુમ.

» **રેડ કાર્પેટ પર જવાનું હોય તો: સાડી કે ગાઉન?**
એલિગન્ટ સાડી.

» **ટ્રેડિશનલ લુક કે વેસ્ટર્ન લુક - વધુ શું ગમે?**
ટ્રેડિશનલ લુક.

» **બોલિવૂડમાં તને કોના પર ક્રશ છે?**
કાર્તિક આર્યન.

» **લાઇફનો ગોલ શું છે?**
હંમેશા ચાહકોના દિલમાં રહેવું. ●

# જેમ્સ ફ્રેન્કોનો એલિયનનો દાવો: પ્રોમો સ્ટંટ કે સત્ય?

હોલીવૂડ એક્ટર જેમ્સ ફ્રેન્કો ફરી એકવાર ચર્ચામાં આવ્યો છે, પરંતુ આ વખતે કોઈ ફિલ્મ કે વિવાદના કારણે નહીં, પરંતુ એલિયન્સના કારણે! જૂન મહિનાની શરૂઆતથી જ જેમ્સ ટિકટોક પર રહસ્યમય વીડિયો પોસ્ટ કરી રહ્યો છે. આ વીડિયોઝમાં તે દાવો કરી રહ્યો છે કે તેની પાસે એક એલિયન એન્કાઉન્ટરના ફૂટેજ છે.

જેમ્સ ફ્રેન્કોએ પોતાના એક વીડિયોમાં કહ્યું, મારે આ વાત ગમે તેમ કરીને બહાર લાવવી જ પડશે, કારણ કે કેટલાક લોકો મને આમ કરતા રોકવાનો પ્રયાસ કરી રહ્યા છે.

લાંબા સમય સુધી સોશિયલ મીડિયાથી દૂર રહ્યા બાદ જેમ્સ એ આ ધમાકેદાર વાપસી કરી છે. વર્ષ 2018માં તેની પર લાગેલા સેક્સ્યુઅલ મિસકંડક્ટના આરોપો પછી તે સોશિયલ મીડિયા પરથી લગભગ ગાયબ થઈ ગયો હતો. પરંતુ હવે તે કોઈ ગંભીર બાબત પરથી પડદો ઉઠાવવાનો દાવો કરી રહ્યો છે.

તેણે પહેલા જ વીડિયોમાં સ્પષ્ટતા કરી કે આ કોઈ AI દ્વારા બનાવેલો ફેક વીડિયો નથી, પણ તે પોતે જ છે. તેણે કેપ્શનમાં લખ્યું: હું અત્યારે બહુ વધારે કહી શકું તેમ નથી. પણ મારી સાથે જોડાયેલા રહો, હું વચન આપું છું કે ટૂંક સમયમાં જ બધું સમજાઈ જશે.

સામાન્ય રીતે કોઈ પણ વ્યક્તિ આવા વીડિયો જુએ તો પહેલો વિચાર એ જ આવે કે - શું જેમ્સ ફ્રેન્કો પાગલ થઈ ગયો છે?




જોકે, જેમ્સે પોતે જ આ શંકા દૂર કરતા પહેલા વીડિયોમાં કહ્યું:

કદાચ હું તમને પાગલ જેવો લાગતો હોઈશ. તમને થતું હશે કે આ શું ચાલી રહ્યું છે? આ કોઈ ટીખળ કે પબ્લિસિટી સ્ટંટ છે? ના, એવું નથી. આ બધું એકદમ સાચું છે.

હવે જોવાનું એ રહેશે કે જેમ્સ પાસે ખરેખર એલિયન્સના કોઈ પુરાવા છે, કે પછી આ તેની કોઈ આગામી ફિલ્મ કે પ્રોજેક્ટ માટેનો કોઈ મોટો ગિમિક સ્ટંટ છે! ●

# હોલીવૂડની પ્રથમ AI હિરોઈન સામે વિરોધ

હોલીવૂડના સો વર્ષથી વધુ લાંબા ઇતિહાસમાં અભિનેતા અથવા અભિનેત્રી શબ્દને ક્યારેય કોઈ ખાસ વ્યાખ્યાની જરૂર પડી નથી. સામાન્ય રીતે અભિનેતાઓ કાલ્પનિક પાત્રોમાં લાગણીઓ અને સત્યની શોધ કરે છે, જો બધું બરાબર રહે તો છેલ્લે ઓસ્કર કે અન્ય એવોર્ડ મેળવતી વખતે ગદગદિત થઈને પોતાના એજન્ટ અને ડાયરેક્ટરનો આભાર માને છે.



પરંતુ, ટીલી નોરવૂડ (Tilly Norwood) એ આમાંથી કશું જ કર્યું નથી! કારણ કે ટીલી વાસ્તવિક દુનિયામાં અસ્તિત્વ જ ધરાવતી નથી, તે માત્ર કમ્પ્યુટર કોડ અને પિક્સલથી બનેલી એક AI કેરેક્ટર છે!

ગયા અઠવાડિયે જ્યારે જાહેરાત થઈ કે ટીલી નોરવૂડ આગામી ફીચર ફિલ્મ ‘મિસઅલાઈન્ડ’માં મુખ્ય ભૂમિકા ભજવશે, ત્યારે હોલીવૂડ સહિત આખી સિનેમા સૃષ્ટિમાં એક નવો જ ગરમાગરમ વિવાદ છેડાઈ ગયો છે. જ્યારે આ કેરેક્ટર લોન્ચ થયું ત્યારે કલાકારો અને યુનિયનોએ તેનો સખત વિરોધ કર્યો હતો. પરંતુ હવે આ વિવાદ માત્ર નોકરીઓ છીનવાઈ જશે એટલા પૂરતો મર્યાદિત નથી, પણ એક મૂળભૂત સવાલ પર આવીને અટક્યો છે: શું આપણે ટીલીને ખરેખર એક ‘અભિનેત્રી’ કહી શકીએ?

આ આખી ચર્ચાએ ભાષા અને કલાના અસ્તિત્વ સામે મોટો પ્રશ્ન ઊભો કર્યો છે. અત્યાર સુધી આપણે ‘ટોય સ્ટોરી’ના વુડીને ટોમ હેન્ક્સથી અને ‘ફ્રોઝન’ની એલ્સાને ઇડીના મેન્ઝેલથી અલગ રાખતા આવ્યા છીએ. ક્યારેય કોઈએ એવું નથી કહ્યું કે આ એનિમેટેડ પાત્રો પોતે એવોર્ડ મેળવવા લાયક છે. પરંતુ ટીલી નોરવૂડ આ જૂની ધારણાઓને સીધો પડકાર આપી રહી છે. જો સિનેમાઘરમાં બેઠેલા દર્શકો સ્ક્રીન પર ટીલીને જોઈને હસશે કે રડશે, તો તે અભિનયની ક્રેડિટ કોને મળશે? કોડિંગ કરનાર પ્રોગ્રામરને, ફિલ્મના ડાયરેક્ટરને, કે પછી બંનેને?

એક રોમાંચક સફરની શરૂઆત થઈ ચૂકી છે, હવે જોવાનું એ રહેશે કે હોલીવૂડનું આ ડિજિટલ સપનું દર્શકોના દિલ જીતી શકે છે કે નહીં! ●